# દુ:સ્વપ્નનો આખરે અંત

- અરુણ જેટલી

વિરોધ પક્ષના નેતા (રાજ્ય સભા)

દુ:સ્વપ્નનો આખરે અંત આવ્યો છે. દિલ્હીમાં ક્યારેય જોવા ન મળી હોય એવી સૌથી ખરાબ રાજ્ય સરકારે છેવટે રાજીનામું આપ્યું છે. આપ પક્ષની સરકારે લેફ્ટનન્ટ ગવર્નરને રાજીનામું સુપરત કરવાનો નિર્ણય કર્યો. માત્ર 49 દિવસ બિનપરંપરાગત સરકાર ટકી. તે સરકાર કાર્યસૂચિ વગરની અને વિચારધારા વગરની સરકાર હતી. તે ફક્ત લોકપ્રિયતાવાદ વડે અને લોકલાગણીને ઉશ્કેરીને પોતાનું કામ ચલાવવા માટે પ્રતિબદ્ધ સરકાર હતી.

ચપળ રાજકારણ અને શાસનનો અભાવ - દિલ્હીમાં આપ સરકારના સિધ્ધાંતો બની ગયા હતા. આ એક અધિકૃત જનાદેશ વગરની સરકાર હતી. તેની પાસે માત્ર 28 બેઠકો જ હતી. ભાજપ સૌથી મોટો પક્ષ હતો. આપ પક્ષે બેશરમ બની કોંગ્રેસનો ટેકો સ્વીકારી લીધો. તેના મોટા ભાગના ધારાસભ્યો બિનઅનુભવી હતા. તેઓમાં પરિપક્વતાનો અભાવ હતો. તેઓમાં આંદોલનાત્મક અભિગમ હતો પરંતુ શાસન ચલાવવાના કૌશલ્યોથી તેઓ અજાણ હતા.

શું આપ સરકારે દિલ્હીમાં પીવાનું પાણીના જોડાણ વધારવાની કોઈ યોજના નક્કી કરી? શું તેઓ દિલ્હીમાં આરોગ્ય સુવિધાઓ વધારવા માટે નક્કર યોજનાની કલ્પના કરી? શું તેઓએ ક્યારેય નવી શાળાઓ અને કોલેજો સ્થાપનાનું વિચાર્યુ? શું તેઓ ક્યારેય દિલ્હીમાં ટેકનિકલ શિક્ષણ સંસ્થાઓ વધારવાનું વિચાર્યુ? શું તેઓએ દિલ્હી મેટ્રોના આગામી તબક્કાના વિકાસ વિશે વિચાર્યુ? શું તેઓએ વધુ ફ્લાયઓવર અને વધુ સારા પીડબલ્યુડી રસ્તાઓનો વિચાર ક્યારેય કર્યો ખરો? મહાનગર દિલ્હીમાં રહેતા લોકોના જીવનની ગુણવત્તા સુધારવા જે કંઈ પગલાં લેવા જોઈએ તેનો તેઓએ વિચાર પણ કર્યો નથી. તેમની સરકારે આ વાસ્તવિકતાના

ક્ષેત્રે કામ કરવાની જરૂર હતી. 49 દિવસની સરકારના મનમાં આ મુદ્દાઓ કોઈપણ સમયે આવ્યા જ નહિ.

તેઓએ માત્ર આંદોલનાત્મક મુદ્દાઓ પર જ પોતાનો અભિગમ કેન્દ્રિત કર્યો. તેઓએ પોલીસ કમિશનર વિરૂધ્ધ અને આફ્રિકન મહિલા વિરૂધ્ધ, લેફ્ટનન્ટ ગવર્નર વિરૂધ્ધ અને ગૃહ પ્રધાન વિરૂધ્ધ આંદોલનનો જ વિચાર કર્યો. તેના અભિગમમાં જૂઠાણું ઊભું કરીને કાલ્પનિક દુશ્મનો બનાવવા અને પછી કાલ્પનિક દુશ્મનો પર હુમલાના આધારે પ્રચાર કરવાનો વ્યૂહ હતો. માત્ર તેઓના જ તેના નેતાઓ પ્રમાણિક હતા અને બીજા બધા ભ્રષ્ટ હતા એવું માનવાનો છે ઘમંડ તેઓમાં હતો. તેઓની સરકાર દિનપ્રતિદિન લોકપ્રિયતા ગુમાવતી રહી. આપ પાર્ટીના નેતાઓને સચિવાલયમાં બેસવાની બાબત પસંદ આવતી નહોતી. તેઓને શેરીઓમાં રહેવાનું વધારે નુકૂળ જણાતું હતું. તેથી પોતાના માટે બહાર જવાનો માર્ગ શોધતા હોય એવું જણાતું હતું. લોકપાલ ખરડો છેલ્લા દિવસ સુધી ગુપ્ત રાખવામાં આવ્યો હતો. તે ખરડાની 'લોકપાલ સામગ્રી' કેન્દ્રીય કાયદાની સરખામણીએ ધરમૂળથી અલગ ન હતી, પરંતુ તે તેનો ખરડો કેન્દ્રીય કાયદાની સરખામણીમાં ક્રાંતિકારી હોવાનો ખોટો પ્રચાર કરવામાં આવનાર હતો. તેઓ રાજીનામું આપવા માટે બહાનું શોધતા હતા અને તેના માટે કાયદાકીય મંજૂરી માટેની પરંપરાગત પ્રક્રિયાની અવગણના કરાઈ હતી.

આપ સરકારની એક્ઝિટ થઈ ગઈ છે. તેઓ વૈકલ્પિક રાજકારણની બહાર જોવા ઇચ્છતા જ ન હતા. અનેક લોકોએ તેઓ પ્રત્યે આશાભરી મીટ માંડી હતી, તે આશાને આપ પક્ષે ચકનાચૂર કરી નાખી. આપ પક્ષનું વૈકલ્પિક રાજકારણ લોકપ્રિયતાવાદ, લોકલાગણીને ઉશ્કેરીને પોતાનું કામ ચલાવવા માટેની પ્રતિબદ્ધતા અને જૂઠાણા પર આધારિત હતું, નહિ કે શાસન ચલાવવાનું. ઈશ્વરનો આભાર માનીએ કે તે દુઃસ્વપ્નનો આખરે અંત આવ્યો છે.